દરેક ક્ષણે આપણે જાતે જ પરિવર્તન પામીએ છીએ જે કાંઇ હું થોડી ક્ષણો પહેલાં હતો તે આ ક્ષણે નથી
- બાયરન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૨ | ૨૨ નવેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કોંગ્રેસના બાવન ઉમેદવારોની જાહેરાત

પ્રથમ યાદીમાં પ્રથમ તબક્કાના ૨૨ અને બીજા તબક્કાની ૩૦ બેઠકોના ઉમેદવારોની વિધિવત જાહેરાત

ગાંધીનગર, તા.૨૧

વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે ૫૨ ઉમેદવારોની પ્રથમ યાદી મોડીરાત્રે જાહેર કરાઈ. જેમાં પ્રથમ તબક્કાની ૨૦ બેઠકો તથા બીજા તબક્કાની ૩૨ બેઠકોના ઉમેદવારોનો સમાવેશ થાય છે. પ્રથમ યાદીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સર્વશ્રી અર્જુન મોઢવાડિયા - પોરબંદરથી, શક્તિસિંહ ગોહિલ - ભાવનગર ગ્રામ્ય, કુંવરજી બાવળીયા - બોટાદ, જયેશ રાદડિયા - જેતપુર, બળવંતસિંહ રાજપૂત - સિદ્ધપુર, નટવરભાઈ પટેલ - મહેસાણાથી ચૂંટણી લડવાની જાહેરાત કરાઈ છે.

આજે જાહેર કરાયેલી યાદીમાં કોંગ્રેસ પક્ષના સંગઠનના પાયાના આગેવાનોનો સમાવેશ થાય છે. આજની જાહેર કરાયેલી યાદીમાં અનુસુચિત જનજાતિના તથા ત્રણ અનુસુચિત જાતિની અનામત બેઠકોના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. જ્યારે મહિલા ઉમેદવારોમાં ગાંધીધામ ખાતે શ્રીમતી જયશ્રીબેન ચાવડા, ઠક્કરબાપા નગર ખાતે શ્રીમતી ગીતાબેન પટેલ અને મોરવાડફ બેઠક માટે શ્રીમતી સવિતાબેન ખાંટ, ગરબાડા બેઠક માટે શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાનો સમાવેશ થાય છે. આમ પ્રથમ યાદીમાં ચાર મહિલાઓનો સમાવેશ થાય છે.

વિગતવાર યાદી બીજા પાને

આજે ભાજપ ૮૭ બેઠકોના ઉમેદવારોની જાહેરાત કરશે

મોદી, રૂપાલા, ફળદુ, દલસાણીયા આજે દિલ્હીમાં : ૨૪મીએ ઉમેદવારીપત્ર ભરવાનો છેલ્લો દિવસ : બીજા તબક્કા માટે ૨૯મી સુધીમાં યાદી જાહેર થશે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૧૫ જિલ્લાની ૮૭ બેઠક માટેની ભાજપના મોટાભાગના ઉમેદવારોના નામ આવતીકાલે તા. ૨૨મી નવેમ્બર મોડી સાંજે અથવા તા. ૨૩મી શુક્રવાર સુધીમાં જાહેર થઇ જશે જ્યારે બાકી રહેલા ઉમેદવારને તા. ૨૩ની રાત્રે ફોન દ્વારા જાણ કરી દેવામાં આવશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના તમામ ૧૮૨ સંભવિત ઉમેદવારોના નામની યાદી લઇ ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરસોત્તમ રૂપાલા, ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ તથા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઇ દલસાણીયા આવતીકાલે ગુરુવારે દિલ્હી જશે. જ્યાં યોજાનારી કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં આ યાદી રજૂ કરવામાં આવશે અને કેન્દ્રિય નેતાઓ દ્વારા તેને બહાલી આપવામાં આવશે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૨૨મી નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થનાર હોવાથી ગુજરાત વિધાનસભાના ઉમેદવારોના નામોને મંજૂર કરવા ભાજપની કેન્દ્રિય નેતાગીરી વધુ સમય નહિ બગાડે અને માત્ર ઔપચારિકતા પુરી કરી ઝડપભેર આ યાદી મંજૂર કરી દેવાશે. ભાજપની કેન્દ્રિય નેતાગીરી દ્વારા આવતીકાલે પ્રથમ તબક્કાની ચૂંટણીના તમામ ૮૭ ઉમેદવારોના નામને મંજુર કરી દેવાશે અને મોડી સાંજે મોટાભાગના ઉમેદવારોના નામની જાહેરાત પણ કરી દેવાય તેવી શક્યતા વર્તાઇ રહી છે જ્યારે ૮૭ પૈકી બાકી રહેલા ઉમેદવારોને ૨૩મીએ મોડી રાત સુધીમાં જાણ કરી દેવાશે.

૨૪મી નવેમ્બરે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાનો છેલ્લો દિવસ હોવાથી આવતીકાલ ગુરુવાર તથા શુક્રવાર સુધીમાં નામો નક્કી કરવાની મોટાભાગની પ્રક્રિયા આટોપી લેવાશે. જ્યારે ૧૭મી ડિસેમ્બરના રોજ યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર હોવાથી બાકી રહેલા ૧૨ જિલ્લાઓની ૯૫ બેઠકોના ઉમેદવારોના નામની જાહેરાત ૨૯મી

● અનુસંધાન પાન-૭ પર

આજે આવું, કાલે આવું.... એમ કરતી ઠંડી આખરે આવી ગઈ છે અને પોતાનો આકરો રંગ પણ દેખાડવા માંડી છે. આ કારણે પાટનગર અને સમગ્ર રાજ્યમાં પણ ગરમ કપડાંનું બજાર ગરમાયું છે. (તસવીર : દિપક જાની)

જિલ્લા વહીવટી તંત્ર ચૂંટણી માટે સજ્જ

તંત્રમાં બેઠકોનો ધમધમાટ : જિલ્લા કલેકટર દ્વારા ચાલી રહેલી આકરી સમીક્ષા

ગાંધીનગર, તા.૨૧

૧૩મી ગુજરાત વિધાનસભાની રચના માટે બીજા તબક્કાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થવાની આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે ઈલેકશન મિશન મોડ પર મુકાઈ ગયું છે.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ દ્વારા છેલ્લા બે દિવસથી રોજેરોજ ચૂંટણી અધિકારીઓ દ્વારા ચાલી રહેલી કામગીરીની આકરી સમીક્ષા કરવામાં આવી રહી છે. ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓની પ્રથમ તાલિમ પૂર્ણ થઈ ચુકી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ઉમેદવાર દ્વારા ઉમેદવારી પત્ર રજુ થયાના ૨૪ કલાકમાં જ તેણે રજુ કરેલ સોગંદનામુ વેબસાઈટ પર મુકવાની તેમજ જાહેર કરવાની પંચની સૂચના પછી તંત્રની કામગીરીમાં વધારો થવા પામ્યો છે. આ માટે કઈ કઈ બાબતોની કાળજી લેવી તેની જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન

આજે જિલ્લા કલેકટરશ્રીએ આપ્યું હતું.

મળતી વિગતો મુજબ ઉમેદવાર દ્વારા રજુ થયેલ ઉમેદવારી પત્રની સાથે રજુ કરાયેલ કાગળો અંગે પણ ૧૬ જેટલા મુદ્દાઓનું ચેકલિસ્ટ તૈયાર કરાયું છે અને તેની પહોંચ તે દિવસે જ આપી દેવામાં આવશે.

બીજી તરફ ચૂંટણી પંચે આ વખતની ચૂંટણી માટે ત્રણ પ્રકારના નિરીક્ષકોની નિમણુંક કરી છે અને નિરીક્ષકો પણ આજે રાત્રે વિમાન માર્ગે ગાંધીનગર આવી રહ્યા હોવાથી તેની તૈયારીઓ પણ તંત્ર દ્વારા ચાલી રહી છે. આચાર સંહિતાના અમલ માટે તેમજ ખર્ચ નિયંત્રણ અંગે નિમાયેલી જુદી જુદી સ્કવોડ અને સમિતિની બેઠકોનો પણ ધમધમાટ તંત્રમાં જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા આ વખતે પોષ્ટલ બેલેટની તેની નીતિમાં કરાયેલા ફેરફારને પગલે કેટલા મતપત્રોની જરુરિયાત પડશે તેની કવાયત પણ તંત્રમાં પૂરજોશમાં ચાલી રહી છે.

વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીને લઈ તંત્ર દ્વારા ઈ.વી.એમ. નું ફર્સ્ટ લેવલ ચેકિંગ સંપન્ન થઈ ચુકયું છે. એટલું જ નહિ કર્મચારીઓની નિમણુંકને લઈ ફર્સ્ટ રેન્ડમાઈઝેશન પ્રક્રિયા પૂર્ણ કરી તાલિમનો પ્રથમ તબક્કો પૂર્ણ કરી દેવાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગર આવતા ખર્ચ નિરીક્ષકો

શુક્રવારે સવારે તંત્રના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી કામગીરી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે નિમાયેલા ખર્ચ નિરીક્ષકોમાં એક ફેરફાર થયો છે અને આ નિરીક્ષકો આજે મોડી રાત્રે ગાંધીનગર આવી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર ઉત્તર, માણસા અને દહેગામ વિધાનસભા મતવિસ્તાર માટે નિમાયેલ નિરીક્ષક શ્રી દયાસાગરને બદલે હવે જી.વી.કે. ગણેશપ્રસાદ આ વિધાનસભા વિસ્તારોમાં ખર્ચ નિરીક્ષક તરીકે ફરજો બજાવશે.

બીજા ખર્ચ નિરીક્ષક શ્રી રાકેશકુમાર પણ આજે ગાંધીનગર આવી રહ્યા છે. આ બન્ને નિરીક્ષકો શુક્રવારે સવારે જિલ્લા કલેક્ટર કચેરી આવી પહોંચશે. તેઓ જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપ સાથે બેઠક કર્યા બાદ બપોરના સમયે આસિ. ઓબ્ઝર્વરો સાથે બેઠક કરશે અને આસિ. ઓબ્ઝર્વરની નિમણુંકની કાર્યવાહી સંપન્ન કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર દક્ષિણ અને કલોલ વિધાનસભા મતવિસ્તાર આર્થિક રીતે સંવેદનશીલ મતવિસ્તાર હોવાને કારણે અહિ સ્ટેટીક સર્વેલન્સ, ફલાઈંગ સ્કવોડ અને એકાઉન્ટની ટીમો વધુ ફાળવવામાં આવે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો મુજબ આ બન્ને નિરીક્ષકો આઈ.આર.એસ. સેવામાંથી આવી રહ્યા છે. જિલ્લામાં એકાઉન્ટ ટીમોની પણ રચના કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ચૂંટણી દરમ્યાન ઉમેદવારો દ્વારા થનારા ખર્ચને ચકાસવા માટે શેડો રજીસ્ટર પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ અંગેના હૂકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

ધો-12 પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે
સરકારી નોકરી મેળવવાની ઉત્તમ તક
GPSC, Dy.SO,BANK, POST, CLERK,...વગેરે
પ્રાથમિક પરીક્ષાઓની તૈયારી
સફળતાની ફેક્ટરીના માર્ગદર્શન હેઠળ વર્ગની તકે
કરવાની સફળતા જરૂરથી પ્રાપ્ત થાય છે.
પ્રાથમિક પરીક્ષાનું ગણિત-અંગ્રેજી પાકાની રીખ્યતી ક્લાસીસ સંસ્થા
નવી બેચ 25/11/12, રવિવારથી શરૂ થાય છે
સમય સાંજે 6.30 થી 8.30 (માત્ર 25 વિદ્યાર્થીઓને પ્રવેશ)
વધારાની વિગતોની માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે.
પ્રવેશ માટે સંપર્ક
વિવેકાનંદ એકેડમી M:99256 98721
677, ઓમ ટાવર, [illegible]

હીરામણિ સ્કૂલ/હૉસ્ટેલ (Eng./Guj.Med)
[illegible]
www.hiramanischool.org